# દિલ્હીમાં સરકાર રચવા 'આપ'ની નવી ચાલ



**દિવસભર અનેક બેઠકો બાદ આમ આદમી પાર્ટીનો નિર્ણય : સરકાર રચવાને લઈને આમ આદમી પાર્ટીમાં પણ ખેંચતાણ : રવિવાર સુધી લોકોના મત મેળવ્યા બાદ સોમવારે પ્રજાનો મત જાહેર : અરવિંદ કેજરીવાલ**

નવી દિલ્હી,તા. ૧૭

દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસનના ભણકારા વાગી રહ્યા છે. દિલ્હીના ઉપરાજ્યપાલ નજીબ જંગ દ્વારા રાષ્ટ્રપતિ શાસન લાદવાની ભલામણ કરવામાં આવ્યા બાદ પણ ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યુ નથી. આજે આમ આદમી પાર્ટીએ સ્પષ્ટતા કરતા કહ્યુ હતુ કે લોકોનો અભિપ્રાય મેળવી લીધા બાદ જ સરકારની રચના કરવાના સંદર્ભમાં કોઈ નિર્ણય કરવામાં આવશે. દિલ્હીમાં રહેતા લોકોને પત્ર મોકલવામાં આવશે. જેનો જવાબ લોકો આપશે. લોકોના અભિપ્રાય બાદ જ યોગ્ય નિર્ણય કરવામાં આવશે. આમ આદમી પાર્ટી પણ હાલમાં દુવિધાભરી સ્થિતિમાં છે. આજે દિવસભર ચાલેલી કવાયતો બાદ આમ આદમી પાર્ટીએ નિર્ણય કર્યો હતો કે સરકાર બનાવવાના પ્રશ્નો પર લોકોનો અભિપ્રાય મેળવવામાં આવશે. રવિવાર સુધી લોકોનો મત મેળવી લીધા બાદ સોમવારના દિવસે લોકોનો મત શું છે તેની જાહેરાત કરવામાં આવશે. જે લોકો નક્કી કરશે તે જ આમ આદમી પાર્ટીનો નિર્ણય

● અનુસંધાન પાન-૭ પર


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


અદેખા સ્વભાવનો માનવી મનનો રોગી છે, જેની અસર કાળક્રમે શરીરની તંદુરસ્તી પર પડે જ છે
- આચાર્ય રાજવંશી

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૭૭ | ૧૮ ડિસેમ્બર, ૨૦૧૩, બુધવાર; માગશર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

### ત્રિપુરાના મુખ્યમંત્રી સૌથી ગરીબ સીએમ

ગાંધીનગર, તા.૧૭



ઉત્તર-પૂર્વીય રાજય ત્રિપુરાના મુખ્યમંત્રી શ્રી માણિક સરદાર દેશના સૌથી ગરીબ મુખ્યમંત્રીઓની યાદીમાં સૌ પ્રથમ છે. તેમનો માસિક પગારમાત્ર રૂ. ૯૨૦૦ છે. દેશના કોઈ પણ રાજયના મુખ્યમંત્રીને મળતા પગારમાં તે સૌથી ઓછો છે.

### ઓનલાઈન મેટ્રીમોની બીઝનેસ ૨૦૧૭ સુધીમાં ૧૫૦૦ કરોડ સુધી પહોંચી જશે

ગાંધીનગર, તા.૧૭

દેશભરમાં લગ્નોત્સુક યુવક-યુવતિઓ વધુ સારા વિકલ્પ મળી રહે તે માટે મેરેજ બ્યુરો ઉપરાંત મેટ્રીમોનીયલ સાઈટનો સહારો લે છે. એસોચેમ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા એક સર્વેમાં જાણવા મળ્યું છે કે ઓનલાઈન મેટ્રીમોની બીઝનેસ દર વર્ષે ૬૫ ટકાના દરે વધી રહ્યો છે. ૨૦૧૭માં તેનો બીઝનેસ ૧૫૦૦ કરોડ સુધીમાં પહોંચી જશે.

### ૧૦૮ એમ્બ્યુલન્સ-ડમ્પર ટકરાતા ડોકટર-દર્દીનું મોત

અમદાવાદ, તા.૧૭



અમરેલીમાં ચિત્તલ રોડ પર સોમવારની રાત્રે ૧૦૮ એમ્બ્યુલન્સ આગળ જતા ડમ્પર સાથે ટકરાતા એમ્બ્યુલન્સના યુવાન ડોકટર તથા દર્દીનું મોત થયું હતું. દર્દીના ભાઈ સહિત પાંચને ઈજાઓ થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મૃતક દર્દી હૃદયરોગનો દર્દી હતો અને તેને હોસ્પિટલમાં ખસેડવાની કામગીરી દરમિયાન આ અકસ્માત થયો હતો.

### ખુશ્બુ ગુજરાતી... ની નવી એડ માટે બીગ બી જાન્યુઆરીમાં ગુજરાતમાં આવશે

ગાંધીનગર, તા.૧૭

ખુશ્બુ ગુજરાત કી...એડ ફીલ્મ દ્વારા ગુજરાતને વિશ્વભરમાં જાણીતું કરનાર મહાનાયક



અમિતાભ બચ્ચન જાન્યુઆરીમાં ફરીના : ગુજરાતમાં ડેરા તંબુ તાણી ગુજરાત ટુરીઝમની નવી એક ફીલ્મનું શુટીંગ કરશે. આ વખતે બીગ-બી સરખેજ રોજા સહિતના અમદાવાદના સ્થાપત્યો, વેળાવદરનું કાળીયાર અભયારણ્ય અને ઘુડખર અભ્યારણ્યની પૃષ્ઠભૂમિમાં 'કુછ દિન તો ગુજારો ગુજરાત મેં...' કહેતા સંભળાશે. નવી એડ ફીલ્મનું શુટીંગ જાન્યુઆરીમાં ૧૧ દિવસમાં સમેટી લેવામાં આવશે.

# આજે બેંક હડતાલ

**જિલ્લામાં રૂ. ૨૦૦ કરોડનાં ચેકોનું ક્લીયરન્સ અટકી જશે : રાજ્યભરમાં બેંક હડતાલને પગલે ગાંધીનગરમાં સ્થિત ૩૨થી વધુ બેન્કો અને શાખાઓ બંધ રહેશે**

ગાંધીનગર, તા. ૧૭

બેંકીંગ રીફોર્મ બિલનો વિરોધ તથા ઈન્ક્રીમેન્ટના મુદ્દાને પગલે યુનાઈટેડ ફોરમ ઓફ બેઠક યુનિયન દ્વારા રાજ્યભરની બેન્કોમાં હડતાલનું એલાન કરવામાં આવ્યું છે. જેને પગલે ગાંધીનગર જિલ્લાની તમામ બેઠકો હડતાલમાં જોડાશે. જિલ્લામાં લગભગ રૂ. ૨૦૦ કરોડથી વધુના ચેકોનું ક્લીયરન્સ હડતાલને પગલે અટકી જશે.

ઉદ્યોગપતિઓ તથા વિદેશી કંપનીઓને બેંકનું લાયસન્સ આપવા માટે તૈયાર થયેલા બિલ એવા બેંકીંગ રિફોર્મ બિલના વિરોધમાં તથા નવે.-૨૦૧૨ના બેઠકના કર્મચારીઓ-અધિકારીઓને માટે જાહેર કરાયેલા ઈન્ક્રીમેન્ટ હજુ સુધી ન મળ્યા હોવાનાં બે મુખ્ય પ્રશ્નને ધ્યાને રાખીને યુનાઈટેડ ફોરમ ઓફ બેઠક યુનિયન દ્વારા હડતાલનું એલાન કરવામાં આવ્યું છે. અગાઉ પણ આ યુનિયન દ્વારા કેટલીક માંગણીઓને લઈને હડતાલ પાડી માંગણીઓ સંતોષાવી છે. આ યુનિયન દ્વારા આપવામાં આવેલી હડતાલમાં ગાંધીનગર જિલ્લાની બેઠકો પણ જોડાશે. આવતીકાલે બુધવારે જિલ્લાભરની તમામ ૩૨ થી વધુ બેઠકો તથા તેની શાખાઓ હડતાલમાં જોડાશે. જેથી નાણાંકીય લેવડ-દેવડ તથા એક ક્લીયરન્સ કામગીરી ઠપ્પ થઈ જશે. જિલ્લામાં અંદાજે દરરોજ સરેરાશ ૨૦૦ કરોડથી વધુના ચેકોનું ક્લીયરન્સ થાય છે. જે ચેકોના ક્લિયરન્સની કામગીરી અટકી જશે.

# શહેરમાં ઠંડીના સાતત્યનો વિક્રમ



### છેલ્લા પાંચ દિવસથી ગાંધીનગર રાજયમાં સૌથી ઠંડુ શહેર

ગાંધીનગર, તા.૧૭

ઠંડીનો ચમકારો સતત અનુભવાઈ રહ્યો છે. સૌથી ઓછી ઠંડીના મામલે ગાંધીનગર રાજયમાં પ્રથમ રહ્યું છે અને છેલ્લા પાંચ દિવસથી તેમાં ઝાઝી વધઘટ થઈ નથી. ગાંધીનગર શહેરમાં આ વર્ષે ઠંડીએ ધામા નાખ્યા છે. સુર્યાસ્ત બાદ શહેરમાં તીવ્ર ઠંડી અનુભવાય છે. શહેરી વિસ્તાર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઠંડીના કારણે એકદમ સુમસામ થઈ જાય છે. ઠંડીના મામલે આ વર્ષે ગાંધીનગર સૌ પ્રથમ ક્રમે છે. ઉત્તર ભારતમાં

● અનુસંધાન પાન-૭ પર

# આજે કેબિનેટમાં રન ફોર યુનિટીની સમીક્ષા

ગાંધીનગર, તા. ૧૭

રાજયમંત્રી મંડળની આવતીકાલે મળનારી કેબીનેટ બેઠકમાં રન ફોર યુનિટી કાર્યક્રમની સફળતા અંગે સમીક્ષા કરવામાં આવશે.

સરદાર સરોવર નર્મદા બંધ નજીક નર્મદા નદીના બેટમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરવામાં આવનાર છે. સરદાર પટેલની સૌથી ઊંચી પ્રતિમાના નિર્માણ માટે દેશભરમાંથી ખેડૂતો પાસેથી લોખંડના ઓજારો એકત્રીત કરવામાં આવનાર છે. આ માટે લોકોમાં જાગૃતિ લાવવા માટે મંત્રીઓના વડપણ હેઠળના પ્રતિનિધિમંડળોને વિવિધ રાજ્યોમાં પ્રચાર પ્રસાર માટે મોકલવામાં આવ્યા હતા.

આ ઉપરાંત ગુજરાત સહીત દેશના તમામ રાજ્યોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે રન ફોર યુનિટીનો કાર્યક્રમ પણ ગત ૧૫મી ડિસેમ્બરના રોજ યોજવામાં આવ્યો હતો.

આવતીકાલે મળનારી રાજ્ય

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં હજુ ૧૫૮ વર્ગખંડોની ઘટ

**છેલ્લા ચાર વર્ષમાં ૪૯૦ જેટલા વર્ગખંડો નવા બનાવાયા પછી પણ આ ઘટ છે : ૧૦૦ પ્રા. શાળાના આચાર્યો માટે રૂમો બનાવાઈ : ૯૭ પ્રા. શાળામાં ઘટ છે**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાની પ્રા. શાળાઓમાં ૧૫૮ વર્ગખંડોની ઘટ છે. જિલ્લાની ૬૨૮ પ્રા. શાળાઓ પૈકી ૯૭ પ્રા. શાળાઓમાં આ વર્ગખંડોની ઘટ છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સૌથી વધુ ઘટ કલોલ તાલુકામાં છે જ્યારે સૌથી ઓછી ઘટ માણસા તાલુકામાં છે. કલોલ તાલુકામાં ૫૫ વર્ગખંડોની ઘટ છે જ્યારે ગાંધીનગર તાલુકામાં ૫૦ વર્ગખંડોની ઘટ છે. દહેગામમાં ૪૭ વર્ગખંડોની ઘટ છે. જ્યારે માણસામાં ૬ વર્ગખંડોની ઘટ છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર છેલ્લા ચાર વર્ષમાં ૯૦થી વધુ વર્ગખંડો બાંધવામાં આવ્યા પછી પણ આ વર્ગખંડોની ઘટ હાલ રહેવા પામી છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે ૨૦૧૦-૧૧ માં ૮૨ ઓરડાઓનું બાંધકામ કરવામાં આવ્યું હતુ. ૨૦૧૧-૧૨માં ૧૪૧ વર્ગખંડોનું બાંધકામ કરવામાં આવ્યું હતું. ૨૦૧૨-૧૩માં ૨૬૫ વર્ગખંડો અને ૨૦૧૩-૧૪માં ૧૧ જેટલા નવા વર્ગખંડોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

જિલ્લામાં વર્ગખંડોની ઘટ જે ૯૭ પ્રા. શાળાઓમાં છે તેમાં દહેગામની ૩૨ શાળાઓ, કલોલની ૩૧ શાળાઓ, ગાંધીનગરની ૨૮ શાળાઓ અને માણસાની ૬ શાળાઓનો સમાવેશ થાય છે.

વર્ગખંડોના બાંધકામ માટે નવી દરખાસ્ત તૈયાર કરવાની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. શિક્ષણપ્રેમીઓના જણાવ્યાનુસાર રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ પ્રમાણે વર્ગખંડોની ઘટ જિલ્લાએ જાહેર કરવી જોઈએ અને આ સંખ્યા ઘણી મોટી રહેવાની શંકાઓ તેઓ વ્યક્ત કરી રહ્યા છે.

જિલ્લામાં પ્રા. શાળાઓની સુવિધાઓના સુદઢીકરણ પર પણ ભાર મુકવાની માંગ આ શિક્ષણ ચિંતકો કરી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧૫૦ જેટલા ટોઈલેટ બ્લોક્સ તંત્ર દ્વારા ૨૦૧૨-૧૩ માં તૈયાર કરવામાં આવ્યા હતા. જ્યારે ૨૦૧૩-૧૪માં ૯૪ જેટલા ટોઈલેટ બ્લોક્સ તૈયાર કરવામાં આવી રહ્યા છે. શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ વર્ષે કન્યાઓ અને કુમાર માટે અલગ-અલગ ટોઈલેટ બ્લોક્સ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જે પૈકી ૪૦થી વધુ બ્લોક્સનું કામ પૂર્ણ થઈ ગયું છે જ્યારે અન્યના કામ પ્રગતિ હેઠળ છે.

જિલ્લામાં પ્રાથમિક શિક્ષણની સેવાઓના સુદઢીકરણ માટે આગામી દિવસોમાં નવો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવનાર છે આ માટેની કવાયતો હાલ અંતિમ તબક્કામાં હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં ૨૦૧૨-૧૩માં પ્રા. શાળાના આચાર્યો માટે અલાયદી રૂમ ઉભી કરવાનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરાયો હતો. જે પૈકી ૧૦૦ રૂમ અલાયદી ઉભી કરવામાં આવી છે. તેમજ ૨૮ શાળાઓમાં કમ્પાઉન્ડ વોલનું પણ નિર્માણ ગત વર્ષે કરવામાં આવ્યું હતું.

## નારદીપુરમાં ગ્રીન સ્કૂલ બનાવાશે

ગાંધીનગર, તા. ૧૭

કલોલ તાલુકાના નારદીપુર ગામે જિલ્લાની બીજી ગ્રીન સ્કૂલ બનશે.

જિલ્લાના દહેગામ તાલુકામાં આંત્રોલી ખાતે ગ્રીન સ્કૂલના સફળ અમલીકરણ બાદ હવે તંત્રએ કલોલ તાલુકાના નારદીપુર ગામે ગ્રીન સ્કૂલ નિર્માણ કરવાનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ અંગેનું આયોજન પણ થઈ ચુક્યું છે અને તે માટે જરૂરી બજેટ ફાળવણી કરી દેવામાં આવી છે. જૂની પ્રા. શાળાને તોડી અને આ ગ્રીન સ્કૂલ બનાવવામાં આવશે. જેમાં વીસ જેટલા વર્ગખંડો બનાવવાનું આયોજન છે.

જિલ્લામાં પાંચ સ્માર્ટ સ્કૂલ બનાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્પોર્ટસ સ્કૂલ પણ આ વર્ષે બનાવવાનો નિર્ણય લેવાઈ ચુક્યો છે.

## ભૂતપૂર્વ સાંસદ સ્વ. શ્રી છિતુભાઈ ગામીતને શ્રધ્ધાંજલિ અર્પતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ ભૂતપૂર્વ સાંસદ શ્રી છિતુભાઈ ગામીતના દુઃખદ નિધન પર ઊંડા શોકની લાગણી વ્યકત કરી છે.

તેમના શોક સંદેશમાં રાજયપાલશ્રીએ જણાવ્યું છે કે સ્વર્ગસ્થ શ્રી છિતુભાઈ ગામીતે આદિવાસી લોકોના વિકાસમા ઊંડો રસ લીધો હતો અને પછાત વિસ્તારોમાં જનહિતના કાર્યો કરવામાં તેઓ જીવનપર્યંત સક્રિય રહ્યા હતા. તેઓએ સાંસદ ઉપરાંત અનેક સંસ્થાઓના પદો પર રહી પ્રશંસનીય સેવાઓ બજાવી હતી.

ઈશ્વરની દિવંગતની આત્માને શાશ્વત શાંતિ પ્રદાન કરે અને તેમના પરિવારજનોને આ અસહ્યનીય દુઃખ ને સહન કરવાની શકિત આપે તેવી તેમણે પ્રાર્થના કરી છે.

## ખોવાયેલ છે

પાઠક હર્ષ દિલીપકુમારના નામનું મેડીકલ ડીગ્રી રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ નં. G-48480 તા. ૧૨/૧૨/૧૨નું ગાંધીનગર, સે-૬માં ખોવાયેલ છે. જો કોઈને પણ મળે તો નીચેના મોબાઈલ નંબર પર જાણ કરવા વિનંતી

મો. : ૯૪૦૮૭૬૭૩૨૨


GPSC-1/2 PSI
ક્લાર્ક, તલાટી
તમામ બેચમાં પ્રવેશ ચાલુ છે.
પરીક્ષા સુધીનો કોર્ષ
TCCI EDUCATION PVT. LTD. ૧૯ વર્ષનો અનુભવ
ઓફિસ સમય 9.30 a.m. to 5.00 p.m.
ગાંધીનગર - 9537614607
મહેસાણા - 9537614606



સરકારી નોકરી મેળવવા
GPSC-1/2, BANK, PSI, તલાટી, ક્લાર્ક, વગેરે
સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે
: નવી બેચનો પ્રારંભ :
22/12/2013 રવિવારથી (સમય - સવારે 8 થી 10)
: વિશેષતા :
● ગણિત - અંગ્રેજી પર વિશેષ ભાર મૂકી પાયાથી જ શિખવવામાં આવશે.
● અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરેલ તથા વર્ષોનો અનુભવ ધરાવતી નિષ્ણાંત ફેકલ્ટીઝ.
● સોમથી શનિ દરરોજ 2 કલાકનું ટીચીંગ
● GPSC-1/2 સુધીના તમામ વિષયોનું ટીચીંગ
● સંપૂર્ણ મટીરીયલ સંસ્થા તરફથી અપાશે.
● દરરોજ લેવાતી ટેસ્ટ દ્વારા સતત સ્વમૂલ્યાંકન.
પ્રવેશ માટે સંપર્ક 99256 98721
વિવેકાનંદ એકેડમી
677, બીજે માળ, ઇન્કવાયરી સામે, મુખ્ય શોપીંગ સેન્ટર, સેક્ટર-22, ગાંધીનગર








રાજ કોમ્યુનિકેશન
પ્રસ્તુત




પરિકલ્પના : રાજુ શુક્લ
લેખક : ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી
રોજ રાત્રે ૭-૩૦ કલાકે
પ્રસ્તુતિના સ્થળ

| તારીખ | સ્થળ | તારીખ | સ્થળ |
|---|---|---|---|
| ૧૮/૧૨/૧૩ | જામળા | ૨૪/૧૨/૧૩ | અમરાપૂર |
| ૧૯/૧૨/૧૩ | સોજા | ૨૬/૧૨/૧૩ | સરઢવ |
| ૨૦/૧૨/૧૩ | વાઘોસણા | ૨૮/૧૨/૧૩ | ખોરજ |
| ૨૧/૧૨/૧૩ | આમજા | ૩/૧/૧૪ | ગાંધીનગર |
| ૨૩/૧૨/૧૩ | રૂપાલ | ૪/૧/૧૪ | સુઘડ |

● ગાંધીનગર કલ્ચરલ ફોરમના કલાકારો અભિનિત ●
સૌજન્ય : રમત-ગમત યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગુજરાત સરકાર અને સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી